
# મજૂરી ખર્ચ અંગેના હિસાબો

# પ્રત્યક્ષ અને પરોક્ષ મજૂરી

- પ્રત્યક્ષ મજૂરી – ઉત્પાદનમાં સીધો જ ભાગ લેનાર કામદારને ચૂકવેલ મજૂરી.
- પરોક્ષ મજૂરી – ઉત્પાદનમાં આડકતરી રીતે સહાય કરનારને ચૂકવવામાં આવેલ વેતન

# વેતનપ્રથાઓ



વેતનપ્રથાઓ
પ્રણાલિકાગત
ઉત્તેજનાત્મક
સમય વેતન પદ્ધતિ
કાર્ય વેતન પદ્ધતિ
વ્યક્તિગત પ્રથાઓ
સામૂહિક પ્રથાઓ

# પ્રણાલિકાગત વેતન પ્રથાઓ

- સમય વેતન પદ્ધતિ :

કામદારે કેટલો સમય કામ કર્યું એ આધારે વેતન આપવામાં આવે છે.

વેતન દર કલાકદીઠ, અઠવાડિક કે માસિક હોય શકે

સમય વેતન = લીધેલો સમય x વેતન દર

$$E = T \times R$$

- કાર્ય વેતન પદ્ધતિ:
ઉત્પાદનને આધારે મહેનતાણું આપવામાં આવે છે.
એકમદીઠ વેતન દર નક્કી કરવામાં આવે છે.

કાર્ય વેતન = કરેલ કાર્યના એકમો x એકમદીઠ દર

$$E = W \times R$$

અથવા

કાર્ય વેતન = ફાળવેલ સમય x કલાકદીઠ દર

$$E = TA \times R$$

# ઉત્તેજન વેતનપ્રથાઓ (વ્યક્તિગત)

- 1. હેલ્સી યોજના
- 2. રોવેન યોજના
- 3. ટેલરની ભિન્ન વેતનદરની યોજના
- 4. બીડો યોજના
- 5. મેરિકની ત્રણ વેતનદરની યોજના
- 6. ગેંટની બોનસ યોજના
- 7. ઇમર્સન કાર્યક્ષમતા યોજના

- હેલ્સી યોજના = (T x R) + $^{50}/_{100}$ (TS x R)
  T = લીધેલ સમય   R = કલાકદીઠ દર TS = બચાવેલ સમય

- રોવેન યોજના = (T x R) + (W x $\frac{TS}{TA}$ )
  T = લીધેલ સમય   R = કલાકદીઠ દર TS = બચાવેલ સમય
  TA = આપેલ સમય W = ખરેખર લીધેલ સમયની મજૂરી

# સમૂહ બોનસ યોજનાઓ

- 1. નફા ભાગ
- 2. સહભાગીદારી

# મજૂર ફેરબદલી

- સરેરાશ કામદારોની સંખ્યાના પ્રમાણમાં કેટલા કામદારો કારખાનું છોડી જાય છે તે પ્રમાણને મજૂર ફેરબદલી દર કહે છે

# મજૂર ફેરબદલીના કારણો

- મજૂર ફેરબદલીના કારણો
  - દૂર કરી ન શકાય એવા કારણો
  - દૂર કરી શકાય એવા કારણો

# દૂર કરી ન શકાય એવા કારણો

- માંદગી કે ગંભીર અકસ્માત
- કામદારની નિવૃતિ, મૃત્યુ અને બરતરફી
- સ્ત્રી કામદારનું લગ્ન
- વ્યક્તિગત ઉત્કર્ષ
- અંગત કારણ

# દૂર કરી શકાય એવા કારણો

- સાથી કામદારો અને સૂપરવાઇઝર સાથે અણબનાવ
- મેડિકલ અને ટ્રાન્સપોર્ટ સુવિધાનો અભાવ
- કામગીરીની અસંતોષકારક પરિસ્થિતી
- અપૂરતું વેતન
- મજૂર સંઘ સાથે અણબનાવ
- નોકરીમાં  સલામતીનો અભાવ અને અપૂરતા નિવૃતિ લાભો

# મજૂર ફેરબદલી દરની ગણતરી

- 1 છૂટા થયેલ કામદારોને આધારે (ત્યાગ પદ્ધતિ):

$$\frac{\text{છોડી ગયેલ કામદારોની સંખ્યા}}{\text{સરેરાશ કામદારો}} X\ 100$$

- 2 નવા નિમાયેલ કામદારોને આધારે (પુન: સ્થાપના પદ્ધતિ):

$$\frac{\text{નવા નિમાયેલા કામદારોની સંખ્યા}}{\text{સરેરાશ કામદારો}} X\ 100$$

- 3 સંયુક્ત કે મિશ્ર પદ્ધતિ

$$\frac{\text{કારખાનું છોડી ગયેલ} + \text{ખાલી જગ્યા પર કરેલી નિમણૂકો}}{\text{સરેરાશ કામદારો}} X\ 100$$

સરેરાશ કામદારો:

$$\frac{\text{શરૂના કામદારો} + \text{છેવટના કામદારો}}{2}$$

- સમકક્ષ વાર્ષિક મજૂરી ફેરબદલી દર:

$$\frac{\text{મજૂર ફેરબદલી દર} \times 365}{\text{મહિનાના કુલ દિવસો}}$$